શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૩

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી**

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ (ચાલુ)

### આલિંગણયં (આલિંગનક) છંદ

**કિરિઆ વિહિ સંચિઅકમ્મકિલેસ વિમુક્ખયરં;**
**અજિઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિ સિદ્ધિગયં.**
**અજિઅસ્સ ય સંતિ મહામુણિણોવિ અ સંતિકરં;**
**સયયં મમ નિવ્વુઇ કારણયં ચ નમંસણયં. આલિંગણયં...૫**

### માગહિયા (માગધિકા)

**પુરિસા જઈ દુક્ખવારણં, જઈ અ વિમગ્ગહ સુક્ખકારણં;**
**અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહ. માગહિયા...૬**

**શબ્દાર્થ :-**

**કિરિઆ વિહિ** - ક્રિયાના વિધિભેદથી
**સંચિઅકમ્મ** -સંચય કરેલા/ કર્મથી થયેલા
**કિલેસ**- કલેશોને
**વિમુક્ખયરં;**-મૂકાવનારું
**અજિઅં**-નહીં જીતેલું
**નિચિઅં**-વ્યાપ્ત
**ગુણેહિં**-ગુણોથી
**મહામુણિ**-મોટા મુનિઓની
**સિદ્ધિ**-સિદ્ધિ
**ગયં.**-જેનાથી પ્રાપ્ત થાય છે.
**અજિઅસ્સ**-અજિતનાથ ભગવાનું
**સંતિ મહામુણિણોવિ**- શાંતિ નામના મહા મુનિનું પણ
**સંતિકરં**-વિઘ્નની શાંતિ કરનારું
**સયયં**-સતત / હંમેશાં
**મમ**-મારું
**નિવ્વુઇ**-મોક્ષનું
**કારણયં**-કારણરૂપ
**નમંસણયં** -નમન
**પુરિસા** -હે પુરુષો
**જઇ** -જો તમે
**દુક્ખવારણં**-દુઃખનું નિવારણ
**વિમગ્ગહ** -શોધો છો
**સુક્ખકારણં**-સુખનું કારણ
**અજિઅં**-અજીતનાથને
**સંતિં**-શાંતિનાથને
**ભાવઓ** -ભાવથી
**અભયકરે** -અભયને કરનારા
**સરણં** -શરણને
**પવજ્જહ**-પ્રાપ્ત થાઓ

**ગાથાર્થ :-** પચ્ચીસ ક્રિયાઓના ભેદથી એકઠા કરેલાં કર્મના ક્લેશોથી મૂકાવનારું, અન્ય દર્શનીઓના પુણ્યથી નહિ જીતાએલું, જ્ઞાનાદિ ગુણોથી વ્યાપ્ત, મહા મુનિઓની સિદ્ધિઓને પ્રાપ્ત કરાવનારું, વિઘ્નોની શાંતિ કરનારું અને મોક્ષનું કારણ એવું શ્રી અજિતપ્રભુને તથા શાંતિનાથ ભગવાનને મારું સતત નમન હો....૫

હે પુરુષો ! જો તમે દુઃખનું નિવારણ અને સુખનું કારણ શોધતા હો, તો ભાવથી શ્રી અજિતનાથ તથા શાંતિનાથના અભય કરનારા શરણને પ્રાપ્ત થાઓ....૬

**સંગયયં (સંગતક) છંદ**

**અરઇરઇતિમિર વિરહિઅ મુવરય જરમરણં;**
**સુરઅસુર ગરુલ ભુયગવઇ પયય પણિવઇયં.**
**અજિઅમહમવિઅ સુનયનય નિઉણમભયકરં;**
**સરણમુવસરિઅ ભુવિ દિવિજ્જ મહિઅં સયયમુવણમે. સંગયયં...૭**

**સોવાણયં (સોપાનક) છંદ**

**તંચ જિણુત્તમ મુત્તમ નિત્તમ સત્તધરં;**
**અજ્જવ મદ્દવ ખંતિ વિમુત્તિ સમાહિનિહિં.**
**સંતિકરં પણમામિ દમુત્તમતિત્થયરં;**
**સંતિ મુણી મમ સંતિ સમાહિવરં દિસઉ. સોવાણયં....૮**

**શબ્દાર્થ :-**


**અરઈરઈ** -રતિ અરતિરૂપ
**તિમિર** -અજ્ઞાન અંધકારથી
**વિરહિઅં** -રહિત
**ઉવરયજરમરણં;** - જેમનાં જરા અને મરણ વિરામ પામ્યાં છે.
**સુરઅસુર** - સુર, અસુર
**ગરુલ** -સુવર્ણકુમાર
**ભુયગ** -નાગકુમાર
**વઈ** -તેમના ઈંદ્રોએ
**પયય** -તત્પર થઇને
**પણિવઈયં.** -પ્રણામ કરેલા
**અજિઅં** -શ્રી અજીતનાથ ભગવાનને
**અહું** -હું
**અવિઅ** - વળી પણ
**સુનય** -સારા નૈગમાદિક નયની
**નય** -પ્રતીતિ
**તિઉણં** -તેમાં નિપુણ
**અભયકરં** -અભયને કરનારા
**સરણં** -શરણને
**ઉવસરિઅ** -પામીને
**ભુવિજ** -મનુષ્યો
**દિવિજ** - દેવતાઓએ
**મહિંઅં-** પૂજેલા
**સયયં** -હંમેશા
**ઉવણમે** -સમીપે નમસ્કાર કરું છું.
**તં** -તે
**જિણુત્તમ** -સામાન્ય કેવળીમાં ઉત્તમ
**ઉત્તમ** -પ્રધાન
**નિત્તમ** -અજ્ઞાન રહિત
**સત્તધરં** -સ્વભાવને ધારણ કરનાર
**અજ્જવ** -સરળતા
**મદ્દવ** -કોમળતા નિરાભિમાની પણું
**ખંતિ** -ક્ષમા
**વિમુત્તિ** -નિર્લોભપણું
**સમાહિ** -સમાધિ
**નિહિં** -તેના ભંડારરૂપ
**સંતિકરં** -શાંતિને કરનારા
**પણમામિ** -હું પ્રણામ કરું છું.
**દમુત્તમ** -ઈંદ્રિયોનું દમન કરવામાં ઉત્તમ
**તિત્થયરં** -તીર્થને પ્રવર્તાવનારા
**સંતિ મુણી** -શાંતિ નામના મુનિ
**મમ** -મને
**સંતિ સમાહિવરં** -શાંતિ અને સમાધિરૂપ વરદાન
**દિસઉ** -આપો.

**ગાથાર્થ :-** અરતિ તથા રતિરૂપ અંધકારથી રહિત. જરામરણથી વર્જિત, સુર/ વૈમાનિક, અસુર/ ભુવનપતિ, સુવર્ણકુમાર અને નાગકુમાર દેવતાના પતિ ઈંદ્રોએ પ્રણામ કરેલા, વળી નિગમાદિક નયની પ્રતીતિમાં નિપુણ, અભયને કરનારાઅને મનુષ્યો અને દેવતાઓએ પૂજેલા શ્રી અજિત ભગવાનને શરણે જઇને હંમેશા તેમની સમીપે હું પ્રણામ કરું છું.....૭

સામાન્ય કેવળીઓમાં ઉત્તમ / પ્રધાન એવા અજ્ઞાન રહિત સ્વભાવને ધારણ કરનારા, સરળતા, નિરાભિમાનીપણું, ક્ષમા, નિર્લોભતા અને સમાધિના ભંડારરૂપ શાંતિને કરનારા, ઈન્દ્રિયોનું દમન કરવામાં ઉત્તમ, તીર્થને પ્રવર્તાવનારા, શાંતિનાથ ભગવાનને હું પ્રણામ કરું છું. તે શાંતિ મુનિ / ભગવાન મને શાંતિ તથા સમાધિરૂપ વરદાન આપો....૮



**શ્રી અજિતનાથ ભગવાન**



**શ્રી શાંતિનાથ ભગવાન**



**શ્રી અજિત-શાંતિની દેરી**



# શ્રી ગણધરવાદ (ચાલુ)

## (૨) શ્રી અગ્નિભૂતિ ગૌતમ

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમના નાનાભાઇ અને વસુભૂતિ વિપ્રવર્ય પિતા તથા પૃથ્વીમાતાના બીજાપુત્ર તરીકે એમનું પુરૂ નામ શ્રી અગ્નિભૂતિ વસુભૂતિ ગૌતમ હતું. ગૌતમ એમનું ગૌત્ર હતું. અનેપૃથ્વી દેવીમાતાએ કૃતિકા નક્ષત્રમાં જન્મ આપ્યો હતો. જયેષ્ઠભ્રાતા શ્રી ઇન્દ્રભૂતિથી તેઓ ૪ વર્ષ નાના હતા. પોતાના ભાઇ અને પિતાના પગલે ચાલીને તેમણે ૧૪ વિદ્યાઓનો અભ્યાસ કર્યો અને વેદ-વેદાંત આદિ શાસ્ત્રોના પારંગત વિદ્વાન થયા.

ગૃહવાસના કાળમાંજ તેમની પણ કીર્તિ તેમના મોટાભાઇની જેમ ચારે બાજુ પ્રસરી હતી. અનેક વાદોમાં વીજેતા બનીને તેમણે પણ વાદી-વિજેતાનું બિરૂદ પ્રાપ્ત કર્યું હતુ. અધ્યયન-અધ્યાપન કરાવતા શ્રી અગ્નિભૂતિ પંડિતને પણ ૫૦૦ શિષ્યોનો મોટો પરિવાર હતો, સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ આવા ધુરંધર વિદ્વાનના મનમાં એક શંકા થઇ. વેદ-વેદાન્તનો અભ્યાસ કરતા-કરતા અમુક શ્લોકનો અર્થ વ્યવસ્થિત ન બેઠો એથી **કર્મ છે કે નહિં ?**'' એવી શંકા મનમાં દ્રઢ થઇ ગઇ હતી. કર્મ નામની કોઇ સત્તા છે જ નહીં. અમૂર્ત એવા આત્માને મૂર્ત કર્મો લાગે જ ક્યાંથી ? વળી કર્મો ક્યારેય દેખાતા નથી. તો પણ કર્મ માનવા જ શા માટે ? એમ કર્મ નથીની શંકા બહુ પ્રબલ તેમના મનમાં કોરાઇ ગઇ હતી.

ઇન્દ્રભૂતિએ દીક્ષા લીધી એ વાત સાંભળીને અગ્નિભૂતિએ વિચાર્યું કે અગ્નિ શીતળ થઇ જાય પવન સ્થિર થઇ જાય, પત્થરનો પર્વત પીગળી જાય, હિમનો સમૂહ સળગી જાય, તે કદાચ સંભવે પણ મારો ભાઇ ઇન્દ્રભૂતિ હારી જાય એ સંભવે જ નહીં. એમ વિચાર કરતા અગ્નિભૂતિએ સમવસરણમાંથી પાછા ફરેલા લોકોના મુખે ભાઇએ દીક્ષા લીધી જાણીને અભિમાનથી વિચાર્યું કે હું ત્યાં શીઘ્રતાએ જઇને મારા મોટા ભાઇને તે ધૂતારાને હરાવીને છોડાવી આવું. આવો નિર્ણય કરી તે પોતાના પાંચસો વિદ્યાર્થી શિષ્યો સાથે ઊતાવળો ઉતાવળો સમવસરણમાં આવ્યો. ત્યારે વીરપ્રભુએ તેના ચિત્તમાં રહેલ સંદેહને પ્રગટ કરતાં કહ્યું કે, **''હે અગ્નિભૂતિ ! તને કર્મ છે કે નહીં ?''** એવો સંદેહ છે અને તે વેદના પદોથી જ થયો છે, તું એ વેદના પદોનો અર્થ બરાબર સમજ્યો નથી. **''પુરુષ એવેદંગ્નિં સર્વંયદ્ભૂતં યચ્ચભાવ્યમ્''** ઇત્યાદિ વેદપદથી તું જાણેછે કે જે થઇ ગયું છે અને થવાનું છે એ સર્વ આત્માજ છે એટલે એ વેદપદથી જે આ મનુષ્ય, દેવતા, તિર્યંચ, પર્વત, પૃથ્વી વગેરે નજરે પડે છે તે સર્વ આત્માજ છે તેથી કર્મ જેવી કોઇ વસ્તુ જ નથી. કારણ કે અમૂર્ત એવા આત્માને મૂર્તિમંત (રૂપી) એવા કર્મથી અનુગ્રહ અને ઉપઘાત કેમ સંભવે ? જેમ અમૂર્ત એવા આકાશને મૂર્ત એવા ચંદનનું વિલેપન થતું નથી અને મૂર્ત એવા શસ્ત્રથી પણ ખંડિત કરી

શકાતું નથી તેમ અમૂર્ત એવા આત્માનો મૂર્તિમંત એવા કર્મથી ઉપકાર કે અપકાર થઇ શકે જ નહીં. માટે કર્મ જેવી કોઇ વસ્તુજ નથી એમ તું માને છે તે બરાબર નથી. કારણ કે, વેદપદો ત્રણ પ્રકારના છે. કેટલાક વિધિ બતાવનારા વેદપદો છે. જેમકે **''સ્વર્ગકામો અગ્નિહોત્રં જાહુયાત્''** સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર કરવું જોઇએ. તેમજ કેટલાક વેદ પદો અનુવાદ દર્શાવનારાં છે જેમ કે **''દ્વાદશમાસાઃ- સંવત્સરઃ''** બાર માસનું એકવર્ષ થાય. તથા કેટલાક વેદપદો સ્તુતિ દર્શાવનારાં છે જેમ કે **''પુરૂષ એવ ઇદં સર્વં''** આ વિશ્વ પુરુષરૂપ છે. એ ઉપર કહેલ પદથી પુરુષનો મહિમા બતાવ્યો છે. પરંતુ એ પદથી કર્મનો અભાવ બતાવ્યો નથી કેમ કે -

**જલે વિષ્ણુ : સ્થલે વિષ્ણુ : વિષ્ણુઃ પર્વત મસ્તકે**
**સર્વ ભૂતમયો વિષ્ણુ-સ્તસ્માદ્વિષ્ણુમયં જગત્ ॥ ૧ ॥**

જલમાં વિષ્ણુ, સ્થળમાં એટલે ભૂમિપર વિષ્ણું, પર્વતની ટોચ ઉપર પણ વિષ્ણુ છે તથા વિષ્ણુ સર્વભૂત જીવમય છે. તેથી આ જગતજ વિષ્ણુમય છે. આ પદથી વિષ્ણુનો મહિમા બતાવ્યો છે. પરંતુ એ પદથી બીજી કોઇપણ વસ્તુનો અભાવ બતાવ્યો નથી. એવી જ રીતે **''પુરુષ એવ ઈદં સર્વં''** એ વાક્યમાં પણ આત્માની સ્તુતિ કરાઇ છે. તેથી કર્મનો અભાવ માનવો નહીં. વળી તું માને છે કે અમૂર્ત આત્માને મૂર્તિમંત એવા કર્મથી અનુગ્રહ કે ઉપઘાત કેમ સંભવે ? એ પણ તારી માન્યતા બરાબર નથી. કારણ કે મૂર્તિમંત એવી બ્રાહ્મી  જેવી ઔષધિઓથી તથા ઘી દૂધ વગેરે સાત્વિક પદાર્થોથી અનુગ્રહ અને મદિરા વગેરે પદાર્થોથી ઉપઘાત, અમૂર્ત એવા, જ્ઞાનને પ્રત્યક્ષ થતો જોવાય છે તેથી અમૂર્ત એટલે અરૂપી એવા આત્માને મૂર્તિમંત એટલે કે રૂપી એવા કર્મથી  અનુગ્રહ અને ઉપઘાત પણ થઇ શકે છે. વળી કર્મ વિના એક સુખી, એક દુઃખી, એક શેઠ, એક નોકર, એક રાજા, બીજો રંક, વગેરે પ્રત્યક્ષ દેખાતું વિવિધપણું જગતમાં કેમ સંભવે ? વગેરે વીર પ્રભુનાં અમૃતમય વચનોથી પોતાનો સંશય નાશ પામવાથી અગ્નિભૂતિનું અભિમાન દૂર થઇ ગયું. તે વિનીત ભાવે નમી પડ્યો અને વીરપ્રભુ પાસે પોતાના પાંચસો વિદ્યાર્થી શિષ્યો સાથે દીક્ષા લઇ શિષ્ય થયો અને પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી.

અગ્નિભૂતિ ગૌતમે પોતાની ૪૬ વર્ષની ઉંમરે શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી. સંસાર છોડી સાધુ બન્યા. પ્રભુની પાસેથી ત્રિપદી પામીને ભગવાનના બીજા મુખ્ય શિષ્ય અને ગણધર થવાનું માન મેળવ્યું. દ્વાદશાંગીની રચના કરી. ૧૪ પૂર્વોનું જ્ઞાન પામ્યા. ૪૬ વર્ષની ઉંમરે દીક્ષા લઇ ૨૮ વર્ષનું ચારિત્ર પાલ્યું અને તેમાં પણ તેઓ ૧૨ વર્ષ સુધી છદ્મસ્થ રહ્યા અને ૧૬ વર્ષ સુધી કેવળી-સર્વજ્ઞ તરીકે રહીને આ દેશને પાવન કર્યો. ૫૮ વર્ષની વયે તેઓ સર્વજ્ઞ સર્વ દર્શી બન્યા હતા. અનેક ભવ્યાત્માઓને તારી તેઓ ૭૪ વર્ષનું આયુષ્ય ભોગવીને અન્તિમ કાળે રાજગૃહીમાં પધાર્યા. અને છેલ્લે ૧ માસની સંલેષણા કરીને ભગવાન મહાવીર પ્રભુની હયાતીમાં જ તેઓશ્રીએ મળેલા વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા શરીરનો સદાના માટે ત્યાગ કરીને મોક્ષે સિધાવ્યા. નિર્વાણ પામ્યા. સિદ્ધ-બુદ્ધ -મુક્ત થયા.

# (લઘુસંગ્રહણી) જૈન ભૂગોળ

- આ. હરિભદ્રસૂરિ મ.

વિશ્વમાં આપણે જે પૃથ્વી ઉપર રહિએ છીએ એના આકાર માટે... એની ઉત્પત્તિ માટે... એની સ્થિરતા કે ગતિ માટે વિવિધ પ્રકારના મંતવ્યો વિવિધ ધર્મોમાં અને આજના વિજ્ઞાનમાં જોવા મળે છે.

વિજ્ઞાન પોતાના સિદ્ધાંતોમાં પરિવર્તનશીલ છે. જૈન ધર્મ પોતાના સિદ્ધાંતોમાં અટલ છે... મક્કમ છે. વિજ્ઞાનના સિદ્ધાંતો પ્રયોગોને આધારીત છે જ્યારે જૈન ધર્મના સિદ્ધાંતો સર્વજ્ઞ (અનંત જ્ઞાની) ભગવંતોના કહેલા છે. શાશ્વત પદાર્થોમાં ફેરફાર સંભવિત નથી. અશાશ્વત પદાર્થો સતત પરિવર્તનશીલ છે.

આવી પરિસ્થિતીમાં જૈન ભૂગોળ શું કહે છે ? તે જાણવા તમે બધા ઉત્સાહી છો. તો આપણા જંબૂદ્વીપની જાણકારીમાં આપણે આગળ વધીશું.

થાળી જેવા ગોળ જંબૂદ્વીપના એક છેડાથી બીજા છેડાનું વધારેમાં વધારે અંતર એક લાખ યોજન છે આવા જંબુદ્વીપનો ઘેરાવો કેટલો છે ? આ જંબૂદ્વીપનું ક્ષેત્રફળ વિગેરે શું છે ? ઘેરાવો અને ક્ષેત્રફળ કેમ કાઢી શકાય એની સુંદર સમજણ આગળની ગાથાઓમાં આપવામાં આવી છે.


**विक्खंभ वग्गदहगुण – करणी वट्टस्स परिरओ होइ।**
**वक्खंभ पाय गुणिओ, परिरओ तस्स गणिय पयं ।।७।।**

વ્યાસના વર્ગને દસથી ગુણવાથી આવતા ગુણાકારનું વર્ગમૂળ તે ગોળ વસ્તુની **પરિધિ** એટલે ઘેરાવો છે. પરિધિને વ્યાસના ''પા'' ભાગવડે ગુણવાથી ગોળવસ્તુનું **ક્ષેત્રફળ** આવે છે.

ગોળાકાર વસ્તુની પહોળાઇ તે તેનો **વિષ્કમ્ભ, વ્યાસ** અથવા **વૃત્તવિષ્કમ્ભ** કહેવાય છે.

ગોળ વસ્તુનો ઘેરાવો તે તે વસ્તુની **પરિધિ** અથવા **પરિરય** છે.

કોઇ પણ માપના સમચોરસ ખંડોથી સંપૂર્ણ ક્ષેત્રનું માપ તે તે વસ્તુનું **ક્ષેત્રફળ** અથવા **ગણિતપદ** છે.




હવે ઉપરોક્ત ગાથાના આધારે આપણે જંબુદ્વીપની પરિધિ અને ક્ષેત્રફળ કાઢવાનું છે.

**(૧) જંબુદ્વીપની પરિધિ**

પરિધિ = વ્યાસ ૨ × ૧૦ = સંખ્યા આવે તેનું વર્ગમૂળ ($\sqrt{}$ આ વર્ગમૂળનું ચિન્હ છે. )

= વ્યાસ × વ્યાસ × ૧૦ $\sqrt{}$

$100000 \times 100000 \times 10 \sqrt{} = \sqrt{100000000000}$

વર્ગમૂળ એટલે કોઇપણ સરખી બે સંખ્યાના ગુણાકારવાળી સંખ્યાની મૂળ સંખ્યા.

દા. ત. : ૪ = ૨ × ૨ ચાર સંખ્યાનું વર્ગમૂળ **૨** છે.

૪૯ = ૭ × ૭ ઓગણપચાસ નું વર્ગમૂળ **૭** છે.

૧૪૪ = ૧૨ × ૧૨ એકસો ચુમ્માલિસનું વર્ગમૂળ **૧૨** છે.

**વર્ગમૂળ કાઢવાની પદ્ધતિ**

(૧) વિષમ આંકડા ઉપર | ની નિશાની કરવી. સમ આંકડા ઉપર – નિશાની કરવી.

(૨) વર્ગમૂળ કાઢવા ભાગાકારમાં બે-બે સંખ્યા ટુકડે-ટુકડે ઉતારવાની હોય છે. (કારણ વર્ગમૂળમાં પોતે પોતાની સંખ્યાથી ગુણાયેલો હોય છે.)

(૩) વિષમ સંખ્યા હોય ત્યાં એકજ આંકડાથી વર્ગમૂળ શોધવામાં આવે છે જ્યારે સમ સંખ્યા હોય ત્યાં બે આંકડાથી વર્ગમૂળ શોધવામાં આવે છે.

(૪) વર્ગમૂળ કાઢવાની સંખ્યા શોધવાનું મૂળ ગણિત નીચે મુજબ છે. (ભાજક + ભાગાકાર × ૧૦ + નવો ભાગાકાર = નક્કી થયેલો નવો ભાજક × નવા ભાગાકારની સંખ્યા)

ભાજક = ભાગ પાડનારી સંખ્યા

ભાગાકાર = પડેલા ભાગ જણાવનારી સંખ્યા.

હવે આપણે આપણી ઉપરોક્ત રકમ (100000000000) નું વર્ગમૂળ કાઢીશું -

316227

√1,00000000000

| | |
|---|---|
| + 0 | |
| 3 | |
| 3 x 3 → | -9 |
| + 3 | 100 |
| 6 x 10 | |
| + 1 | |
| 61 x 1 → | -61 |
| + 1 | 3900 |
| 62 x 10 | |
| + 6 | |
| 626 x 6 → | - 3756 |
| + 6 | 14400 |
| 632 x 10 | |
| + 2 | |
| 6322 x 2 → | -12644 |
| + 2 | 175600 |
| 6324 x 10 | |
| + 2 | |
| 63242 x 2 → | -126484 |
| + 2 | 4911600 |
| 63244 x 10 | |
| + 7 | |
| 632447 x 7 → | -4427129 |
| + 7 | |
| ધ્રુવ ભાજક 632454 | 484471 શેષ |

$316227 \frac{484471}{632454}$ યોજન

316227 ↓ પૂર્ણ યોજન

$\frac{484471}{632454}$ ↓ અપૂર્ણ યોજન

**અપૂર્ણ યોજનને ચારથી ગુણતાં ગાઉ આવશે.**

$$\frac{484471}{632454} \times \frac{4}{1} = \frac{1937884}{632454} = 3\ \frac{40522}{632454}$$ **ગાઉ**

**અપૂર્ણ ગાઉને ૨૦૦૦થી ગુણતાં ધનુષ્ય આવશે.**

$$\frac{405220}{632454} \times \frac{2000}{1} = \frac{81044000}{362454} = 128\ \frac{44944}{316227}$$ **ધનુષ્ય**

**અપૂર્ણ ધનુષ્યને ૪ થી ગુણતાં હાથ આવશે.**

$$\frac{44944}{316227} \times \frac{4}{1} = \frac{179776}{316227}$$ **હાથ**

**હાથને ૨૪ થી ગુણતાં અંગુલ આવશે.**

$$\frac{179776}{316227} \times \frac{24}{1} = \frac{1438208}{105409} = 13\ \frac{67891}{105409}$$ **અંગુલ**

**જંબુદ્વીપની પરિધિ - 3,16,227 યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય. ૧૩।। અંગુલથી અધિક**

**परिही तिलक्ख – सोलस – सहस्स दो य सय सत्तवीसहिया ।**
**कोसतिगट्ठावीसं, धणुसय तेरंगुलद्धहियं ।। ८ ।।**

પરિધિ ત્રણ લાખ, સોળ હજાર, બસો સત્તાવીસ યોજનથી ત્રણ ગાઉ, એકસો અટ્ઠાવીસ ધનુષ અને તેર અંગુલથી અધિક છે.

એની સંપૂર્ણ ગણત્રી આપણે કરી લીધી છે. એનાથી સૂક્ષ્મ ગણત્રી કરવી હોય તો થઇ શકે છે. જેમની પાસે સૂક્ષ્મ બુદ્ધિ છે એમણે યવ, યુકા, લિખ, વાલાગ્ર, રથરેણુ, ત્રસરેણુ, બાદર પરમાણુ, સૂક્ષ્મખંડ બાદર પરમાણુ, સૂક્ષ્મતર ખંડ બાદર પરમાણુ સુધીની ગણત્રી કરીને શેષ ૫૪ આવે ત્યાં સુધીની ગણત્રી કરવી.

ઉપરોક્ત ગણીત દ્વારા પરિધિ કાઢી હવે ક્ષેત્રફળ કેમ કાઢવું તે જાણીશું.

# શ્રાવક દિનકૃત્ય

## ધર્મ-જાગરીકા

શ્રાવક નવકારમંત્રના સ્મરણ સાથે જાગૃત થાય પછી નવકાર મંત્રનું ધ્યાન કરે અને ધ્યાનથી નિવૃત્ત થઇને ધર્મ જાગરીકા કરે. આ ''ધર્મ-જાગરીકા'' આનંદ-કામદેવ આદિ પરમાત્મા મહાવીરસ્વામીના શ્રાવકો કરતા હતા અને ધર્મ-જાગરીકા કરતાં શ્રાવક યોગ્ય પ્રતિમા વહનની વિચારણા પામીને મહાન લાભને પામ્યા હતા. ધર્મ-જાગરીકા શ્રાવકે કરવા યોગ્ય કર્તવ્ય છે.

ધર્મ-જાગરીકામાં શ્રાવક શું કરે છે ? આ વાત સમજાવતા કહે છે શ્રાવક ધર્મ-જાગરીકામાં નીચે બતાવ્યા મુજબ ચિંતવન કરે-

**कोहं का मम जाइ, किं च कूले देवयाच के गुरुणा, को मह धम्मो के वा, अभिग्गहा का अवत्था में ।।१।।**
**किमक्कडं किच्च मकिच्चसेसं, किं सक्कणिज्जं नसमायरामि ।।**
**किं में परोपासइ किं च अप्पा, किं वा खलिअं न विवज्जयामि ।।२।।**

હું કોણ છું ? મારી જાતિ કઇ છે ? મારું કુળ ક્યું છે ? મારા દેવ કોણ છે ? મારા ગુરુ કોણ છે ? મારો ધર્મ કેવો છે ? મારા અભિગ્રહ નિયમ, પચ્ચક્ખાણ ક્યા છે ? મારેં શું કરવું જોઇએ ? મારે શું ન કરવું જોઇએ ?શું મે નથી કર્યું ? શું મારે કરવાનું બાકી છે ? ક્યા કર્તવ્ય કરવા સમર્થ છું ? શું કરી શકું એમ નથી ? શું હું તથા જ્ઞાની ભગવંત મારા પાપને જાણતા નથી ? હવે હું એ પાપથી મુક્ત થવા પ્રયત્ન કરું.

આવા પ્રકારે ઊંડાણથી વિચારણા કરતાં આત્મા, સાવધાન બને છે. પોતાના પાપ અને દોષોનું ભાન થતાં એને તજવા માટે પુરુષાર્થ કરે છે. ગ્રહણ કરેલા નિયમોનું પાલન કરવા વીર્ય ફોરવે છે તથા નવા ગુણ ઉપાર્જન કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

ઉઠ્યા પછી પણ ઉંઘ ઉડતી ન હોય તો નાસિકા બંધ કરીને શ્વાસોશ્વાસ દબાવે (રોકે) તેથી નિદ્રા વિચ્છિન્ન થાય, સાધુ આશ્રયીને ઓઘ નિર્યુક્તિમાં કહ્યું છે કે -

**दव्वाइ उवओगं उस्सास निरुंभणा लोयं ।।**

ચાર ઘડી રાત્રી બાકી હોય ત્યારે ઉઠેલો શ્રાવક બને ત્યાંસુધી મૌનનેજ ધારણ કરે પણ કદાચ બોલવું પડે તો મંદસ્વરે બોલે. રાત્રે ખાંસી ખાવી... ખુંખારો ખાવો કે હુંકારો કરવો પડે તો પણ હળવેથી જ... ધીમેથી જ કરવું મોટા અવાજે કરવું નહીં... કેમકે એમ કરવાથી જાગેલા ઘરોળી વગેરે હિંસક જીવો માખી પ્રમુખને હણવાની ક્રિયા કરે... પાડોસી જાગે તો પોતાનો આરંભ આચરે, પારધી માછીમાર, જુગારી, યંત્રવાહક અન્ય પાપકારી સંસારી જાગે. એક એકની પરંપરાથી જાગૃત થઇ પોતાના આરંભના કામમાં

પ્રવર્તે તેથી સર્વનો કારણીક (પરંપરા) દોષોનો પોતે ભાગીદાર થાય છે તેથી અનર્થદંડની પ્રાપ્તિ થાય છે. પાપી જાગે તો પાપ જ કરે... એ સૂતેલો જ સારો...

ભગવતી સૂત્રમાં કહ્યું છે કે-

**जागरिया धम्मीणं अधम्मीणं तु सुत्तयासेया । वच्छाहिव भयणीए, अकहिसु जिणो जयंतीए ।।१।।**

વચ્છદેશના અધિપતિની બહેનને ભગવંત શ્રી વર્ધમાન સ્વામીએ કહ્યું કે - ''હે જયંતી શ્રાવિકા, ધર્મવંત પ્રાણીઓનું જાગવું અને પાપી પ્રાણીઓનું ઉંઘવું કલ્યાણકારી હોય છે.

નિદ્રામાંથી જાગતાં જ તપાસવું કે ક્યા તત્ત્વના ચાલતાં નિદ્રા વિચ્છેદ થાય છે. જળ અને પૃથ્વી તત્ત્વમાં નિદ્રા વિચ્છેદ થાય તો સારૂં અને આકાશ - વાયુ-અગ્નિ તત્વમાં નિદ્રા વિચ્છેદ થાય તો દુઃખદાયી જાણવું.

ઉંચો પવન ચડે ત્યારે અગ્નિતત્વ, નીચે પવન ઉંતરે ત્યારે જળ તત્વ, તિર્ચ્છો પવન વહે ત્યારે વાયુતત્વ, નાશીકાંના બે પડમાં પવન વહે ત્યારે પૃથ્વીતત્વ અને સર્વ દિશાએ પવન જ્યારે ફેલાઇ જાય ત્યારે આકાશતત્વ સમજવાં. વધુ ગુરુગમથી જાણવું.

## અશુભ સ્વપ્ન ફળ નિવારણ

અશુભ સ્વપ્ન બે પ્રકારના છે-

૧. કુસ્વપ્ન :- રાગ એટલે મોહ, માયા, લોભથી ઉત્પન્ન થયેલ કુસ્વપ્ન કહેવાય છે.

૨. દુઃસ્વપ્ન :- દ્વેષ એટલે ક્રોધ, માન, ઈર્ષ્યા વિષાદથી ઉત્પન્ન થયેલ તે દુઃસ્વપ્ન કહેવાય છે.

આ બન્ને સ્વપ્ન અપમંગળ છે તેથી તેનું ફળ ટાળવા માટે ઉઘમાંથી જાગીને તરત કાયોત્સર્ગ કરવો.

જો નિદ્રામાં કુસ્વપ્ન જોયું હોય તો એકસો આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવો એટલે ''સાગરવર ગંભીરા'' સુધી ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.

જો નિદ્રામાં દુઃસ્વપ્ન જોયું હોય તો સો શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવો, એટલે ''ચંદેસુ નિમ્મલયરા'' સુધી ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.

શુભ સ્વપ્ન જોઇને પછી સુવું નહીં ને દિવસ ઉગ્યા પછી ઉત્તમ ગુરુની પાસે જઇને સ્વપ્ન કહેવું. અશુભ સ્વપ્ન જોવામાં આવે તો તરત ઉંઘી જવું અને તે કોઇને કહેવું નહીં.

રાત્રીના પહેલા પ્રહરે સ્વપ્ન જોયું હોય તો બાર માસે ફળ આપે. રાત્રીના બીજા પ્રહરે સ્વપ્ન જોયું હોય તો છ માસે ફળ આપે. ત્રીજા પ્રહરે સ્વપ્ન જોયું હોય તો ત્રણ માસે ફળ આપે, ચોથા પ્રહરે સ્વપ્ન જોયું હોય તો એક માસે ફળ આપે; રાતની પાછલી બે ઘડીમાં સ્વપ્ન જોયું હોય તો દસ દિવસમાં ફળ આપે અને સૂર્યોદય સમયે સ્વપ્ન જોયું હોય તો તત્કાળ ફળ આપે છે.

### દાતણથી મુખશુદ્ધિનો વિધિ :-

શ્રાવક શરીરશુદ્ધિ કરીને પછી જિનાલયમાં જાય એ વિધિ અંતર્ગત શાસ્ત્રકારો મુખશુદ્ધિ માટે દાતણ

કરવાનો વિધિ બતાવતાં કહે છે-

**दंतदाढ्याय तर्जन्या, घर्षयेत दंतपिठिकां । आदावत: परंकुर्या, दंतधावनमादरात् ।।**

દાંત-દાઢને દઢ કરવા માટે દાંતની પીઠિકા (પેઢા) પ્રથમ તર્જની આંગળીથી ઘસવી પછી આદરપૂર્વક દાતણ કરવું.

## દાતણનું પ્રમાણ અને કરવાની રીતિ

**अवक्राग्रंथि सकूर्च, सूक्ष्माग्रं च दशांगुलं । कनिष्ठाग्रसमं स्थौल्यं, ज्ञातवृक्ष्यं सुभूमिजं ।।**

૧) દાતણ વાંકુ ન હોવું જોઇએ. ૨) દાતણ ગાંઠ વિનાનું હોવું જોઇએ. ૩) દાતણની અણી પાતળી હોવી જોઇએ. ૪) એનો કૂચો સારો થવો જોઇએ. ૫) સ્વયંની દસ આંગળીની લંબાઇવાળું હોવું જોઇએ. ૬) સ્વયંની ટચલી આંગળી જેવું જાડું હોવું જોઇએ. ૭) જાણીતા ઝાડનું તથા સારી ભુમિમાં ઉત્પન્ન થયેલું હોવું જોઇએ.

દાતણ કરવાની રીત બતાવતાં કહે છે કે ઉત્તર અથવા પૂર્વ દિશા સામે આસને સ્થિર થઇને દાતણને ટચલી આંગણી અને અનામિકાની વચ્ચે રાખીને પહેલા ઉપરની જમણી દાઢ પછી ઉપરની ડાબી દાઢ ઘસવી ત્યાર બાદ નીચેની જમણી અને ડાબી દાઢ ઘસવી. મૌન રહીને દાતણ કરવું. જરુર પડે સુકી મસી, મીઠું કે ખાટા પદાર્થથી દાંત ઘસવા.

વ્યતિપાતે, રવિવારે, સંક્રાંતના દિવસે, ગ્રહણને દિવસે, તથા પડવો, ચોથ, આઠમ, નવમી, પુનમ, અમાવાસ્યા આ છ તિથિએ દાતણ ન કરવું જોઇએ.

તેમજ ખાંસીનો રોગી, શ્વાસનો રોગી, અજીર્ણ રોગી, શોક રોગી, તૃષા રોગી, મુખપાક રોગી, મસ્તક રોગી, નેત્ર રોગી, હૃદયરોગી, કર્ણ રોગી, એટલા રોગવાળાઓને દાતણનો નિષેધ છે.

## શ્રાવક માટે સ્નાનવિધિ

**जलेन देहदेशस्य, क्षणं यच्छुद्धिकारणं । प्रायो जन्यानुरोधेन, द्रव्यस्नानं तदुच्यते ।।**

જળ વડે જે ક્ષણવાર દેહદેશની (શરીરના કેટલાક ભાગોની) શુદ્ધિનુંકારણ છે તેને દ્રવ્યસ્નાન કહેવાય છે. આવું દ્રવ્યસ્નાન શ્રાવકે પરમાત્માની પૂજા માટે જ કરવું જોઇએ. (અન્યથા નહીં)

ભાવશુદ્ધિ તેમજ અનુભવ જ્ઞાનથી જોતાં દ્રવ્ય સ્નાનમાં અપકાય જીવોની વિરાધનાનો દોષ છે પણ તેથી (દેવ-ગુરુ પૂજાથી) જે દર્શન શુદ્ધિ થાય છે તે માટે તે મહાન લાભકારી છે.

આ દ્રવ્યસ્નાન કરતાં શ્રાવકે સામાન્યથી નીચેની બાબતોનો ખ્યાલ રાખવો જોઇએ..... ૧) સ્નાન પરમાત્મ પૂજા માટે જ કરવું. ૨) સ્નાન પરિમિત (મર્યાદિત) જલથી જ કરવું. ૩) સ્નાન માટે પાણી ગાળેલું જ વાપરવું. ૪) ત્રસાદિક જીવરહિત સમ પવિત્ર ભુમિ ઉપર અચિત્તઉષ્ણ જળથી સ્નાન કરવું ૪) તીર્થસ્નાન જૈનોમાં માન્ય નથી. શત્રુંજય નદી નહાવાનો વ્યવહાર છે તેમાં પણ ઉપયોગ રાખવો. ૫) નદી વગેરેના પાણીમાં પેસીને સ્નાન ન કરાય. ૬) મલીન લોકોએ મલીન કરેલા તથા અજાણ્યા પાણીમાં

સ્નાન ન કરાય. ૭) બધા વસ્ત્રો સહિત સ્નાન ન કરાય તેમજ બધા વસ્ત્ર રહિત થઇને પણ સ્નાન ન કરાય.

દ્રવ્યસ્નાન કરવા છતાં જીવહિંસાદિકથી કાયા મલીન છે... અસત્ય બોલવાથી મુખ મલીન છે. તથા રાગ-દ્વેષાદિના કારણે મન મલીન છે. માટે દ્રવ્યસ્નાન કર્યા પછી ભાવસ્નાન દ્વારા આત્માને નિર્મળ કરવો.

## ભાવસ્નાન

**ध्यानांभस्यानुजीवस्य, सदा यच्छुद्धिकारणं । मलम् कर्म समाश्रित्य, भावस्नानं तदुच्यते ।।**

ધ્યાનરૂપ જળે કરીને જીવને સદાય જે શુદ્ધિનું કારણ થાય અને જેનો આશ્રય લઇને કર્મરૂપ મેલ ધોવાય તેને ભાવસ્નાન કહે છે.

એક કુળપુત્ર ગંગા પ્રમુખ તીર્થ કરવા જાય છે માતા પુત્રને સાથે એક તુંબડી આપે છે અને પ્રત્યેક તીર્થમાં તુંબડાને સ્નાન કરાવવાનું કહે છે... કુળપુત્ર કેટલાક દિવસે તીર્થયાત્રા કરીને આવે છે. માતાને નમસ્કાર કરી તુંબડું આપતા કહે છે માતા બધા જ તીર્થોમાં મારી સાથે એને સ્નાન કરાવેલ છે, માતાએ એજ તુંબડીનું શાક બનાવ્યું. પુત્ર જમવા બેઠો. શાક મોઢામાં નાંખતા જ થુ...થુ.. કરવા લાગ્યો... માતા પૂછે છે કેમ ? શું થયું'' પુત્ર કહે છે '' માતા ! તુંબડુ કેટલું કડવું છે?'' માતા કહે છે ''આમ કેમ બને ? શું આટલા તીર્થસ્નાન કર્યા છતાં તુંબડું કડવું છે ?'' તેં તીર્થસ્નાન કરાવ્યું જ નહિ હોય.' પુત્ર કહે છે- ''ના... ના...! માતાજી મેં બધે જ આ તુંબડાને સ્નાન કરાવ્યું છે. છતાં આની કડવાસ ન ગઇ ! તેમજ આપણે દ્રવ્યસ્નાન કર્યા પછી જો ભાવસ્નાનનું લક્ષ્ય ચુકી જઇએ, તો આત્મિક શુદ્ધિ ન પામી શકીએ.

આવો આપણે દ્રવ્યસ્નાન કરીને પરમાત્માની દ્રવ્ય પૂજા કરતાં કરતાં ભાવની વિશુદ્ધિ પામીએ જેથી અનાદિના મોહના સંસ્કાર પાતળા પડે... આંશિક વીતરાગતા પ્રગટે અને કર્મરૂપી મેલ દૂર થઇને આત્મા નિર્મળ બને.

# કર્મવિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)

આ. દેવેન્દ્રસૂરિ મ.

## શ્રુતજ્ઞાનના ૨૦ ભેદ

**पज्जय-अक्खर-पय-संघाया पडिवत्ती तह य अणुओगो ।**

**पाहुड-पाहुड-पाहुड - वत्थु पुव्वा य स समासा ।। ७ ।।**

**ગાથાર્થ :-** સમાસ સહિત પર્યાય, અક્ષર, પદ, સંઘાત, પ્રતિપત્તિ, અનુયોગ, પ્રાભૃત-પ્રાભૃત, પ્રાભૃત, વસ્તુ અને પૂર્વો (એમ શ્રુતના ૨૦ ભેદો થાય છે)

૧. પર્યાય શ્રુત. ૨. પર્યાયસમાસ શ્રુત. ૩. અક્ષર શ્રુત. ૪. અક્ષર સમાસ શ્રુત. ૫. પદશ્રુત. ૬. પદ સમાસ શ્રુત. ૭. સંઘાત શ્રુત. ૮. સંઘાત સમાસ શ્રુત. ૯. પ્રતિપત્તિ શ્રુત. ૧૦. પ્રતિપત્તિ સમાસ શ્રુત. ૧૧. અનુયોગ શ્રુત. ૧૨. અનુયોગ સમાસ શ્રુત. ૧૩. પ્રાભૃત પ્રાભૃત શ્રુત. ૧૪. પ્રાભૃત-પ્રાભૃત સમાસ શ્રુત. ૧૫. પ્રાભૃત શ્રુત. ૧૬. પ્રાભૃત સમાસ શ્રુત. ૧૭. વસ્તુ શ્રુત. ૧૮. વસ્તુ સમાસ શ્રુત. ૧૯. પૂર્વ શ્રુત. અને ૨૦. પૂર્વ સમાસ શ્રુત.

શ્રુતજ્ઞાનનો સૂક્ષ્માતી સૂક્ષ્મ અવિભાજ્ય અંશ તેને પર્યાય કહેવાય. લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદિયા જીવનું જે જઘન્યશ્રુતજ્ઞાન તેથી અન્ય જીવને વિષે એક પર્યાય વધે તે **પર્યાય શ્રુત** કહેવાય.

જઘન્યશ્રુતજ્ઞાનવાળા જીવથી ૨-૩-૮-૧૦ કે અધિક પર્યાયનું જ્ઞાન તે **પર્યાય સમાસ શ્રુત** કહેવાય છે.

'અ'કારાદિક લબ્ધ્યક્ષર તે **અક્ષર શ્રુત** કહેવાય.

બે-ત્રણ કે અધિક અક્ષરનું જ્ઞાન તે **અક્ષર સમાસ શ્રુત** કહેવાય.

સામાન્યથી એમ કહેવાય છે કે 'જ્યાં અર્થ પૂર્ણ થાય તે પદ' અથવા 'વિભક્તિ જેને અંતે હોય તે પદ'

**अर्थ परिसमाप्तिः पदम् । विभक्त्यन्तं पदम् ।**

પરંતુ અહિં બન્ને અર્થ લેવાના નથી. આચારાંગ સૂત્રનું માન ૧૮૦૦૦ (અઢાર હજાર) પદ કહેવાયું છે. તે 'પદ' કહેવાયું છે. તે **'પદ'** અહિં લેવાનું છે.

એવા એક પદનું જ્ઞાન તે **પદશ્રુત.**

એવા ઘણા પદોનું જ્ઞાન તે **પદસમાસ શ્રુત.**

તત્વોની વિચારણા કરવા પાડેલા દ્વારો (વિભાગ) તેને માર્ગણા કહેવાય છે. મૂળ માર્ગણા ૧૪ છે. તેના ઉત્તર ભેદ ૬૨ છે.

કોઇ પણ તત્વની એક માર્ગણાના એક ઉત્તર ભેદનું જ્ઞાન તે **સંઘાત શ્રુત.**

એકથી વધારે પરંતુ માર્ગણાની ઉત્તરભેદો કરતાં એક ભેદ ઓછુ જ્ઞાન તે **સંઘાત સમાસ શ્રુત.**

ચૌદ માર્ગણામાંથી એક સંપૂર્ણ માર્ગણાનું જ્ઞાન તે **પ્રતિપત્તિશ્રુત.**

બે કે બે થી વધુ માર્ગણાનું જ્ઞાન તે **પ્રતિપત્તિ સમાસ શ્રુત.**

**संत-पद परुवणया** સત્ પદ પ્રરૂપણા, દ્રવ્ય પ્રમાણ વગેરે અનુયોગ કહેવાય-જેથી વસ્તુ કે તત્વની સૂક્ષ્મ વિચારણા થઇ શકે.

એવા એક અનુયોગનું જ્ઞાન તે **અનુયોગ શ્રુત.**

એવા એકથી અધિક અનુયોગનું જ્ઞાન તે અનુયોગ **સમાસ શ્રુત.**

દ્વાદશાંગીમાં ૧ ૨ અંગ છે. બારમું અંગ દૃષ્ટિવાદ છે. દૃષ્ટિવાદમાં પાંચ મુખ્ય અધિકાર છે- (૧) પરિકમી (૨) સૂત્ર (૩) પૂર્વાનુયોગ (૪) પૂર્વગત અને (૫) ચૂલિકા.

ચોથા પૂર્વગત-અધિકારમાં ૧ ૪ પૂર્વનો સમાવેશ થાય છે.

એક-એક પૂર્વમાં જુદા જુદા ૧ ૪-૧ ૪ અધિકાર છે. તે એક-એક અધિકારને **વસ્તુ** કહેવાય છે.

એક-એક વસ્તુમાં જુદા જુદા ૨૦ અધિકાર હોય છે. તે એક-એક અધિકારને **પ્રાભૃત** કહેવાય છે.

એક-એક પ્રાભૃતમાં ૨૦ - ૨૦ નાના પેટા ભેદ છે. તેમાં જાુદા - જાુદા વિષયોની ચર્ચા છે તે એક એક નાના ભેદને **પ્રાભૃત-પ્રાભૃત** કહેવાય છે.

એક પ્રાભૃત-પ્રાભૃતનું જ્ઞાન તે **પ્રાભૃત-પ્રાભૃત શ્રુત.** બે થી ઓગણીસ પ્રાભૃત-પ્રાભૃત નું જ્ઞાન તે **પ્રાભૃત પ્રાભૃત સમાસ શ્રુત.**

એક પ્રાભૃતનું જ્ઞાન તે **પ્રાભૃતશ્રુત.**

બે થી ઓગણીસ પ્રાભૃતનું જ્ઞાન તે **પ્રાભૃત સમાસ શ્રુત.**

એક વસ્તુનું જ્ઞાન તે **વસ્તુ શ્રુત.**

બે થી તેર વસ્તુનું જ્ઞાન તે **વસ્તુ સમાસ શ્રુત.**

એક પૂર્વનું જ્ઞાન તે **પૂર્વ શ્રુત.**

બે થી ૧ ૪ પૂર્વનું જ્ઞાન તે **પૂર્વ સમાસ શ્રુત.**

## અવધિજ્ઞાનાદિ ભેદ

**अणुगामि -वड्ढमाणय- पडिवाइ - इयर विहा छ हा ओही ।**
**रिउ - मइ विउल - मई, मण-नाण केवलमिग - विहाणं ।। ८ ।।**

**ગાથાર્થઃ-** અનુગામી, વર્ધમાનક અને પ્રતિપાતી અને વિરુદ્ધ પ્રકારે એમ છ પ્રકારે અવધિજ્ઞાન, ઋજુમતિ, વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન છે.

અને કેવળજ્ઞાન એક પ્રકારે છે.

## અવધિજ્ઞાન

અવધિજ્ઞાન એટલે મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનો બોધ કરાવનારું જ્ઞાન. અવધિજ્ઞાનના બે ભેદ છે.-

**(૧) ભવપ્રત્યયિક :-** દેવતા અને નારકને હોય. અનુગામી, અપ્રતિપાતિ અને અવસ્થિત હોય બાકીના ન હોય.

**(૨) ગુણ પ્રત્યાયિક :-** મનુષ્ય અને તિર્યંચને હોય. છ પ્રકારે હોય.

**(૧) અનુગામી અવધિજ્ઞાન :** જ્યાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય ત્યાંથી બીજી જગ્યાએ જાય તો ચક્ષુની જેમ (અવધિજ્ઞાન) સાથે આવે તે અનુગામી.

**(૨) અનનુગામી અવધિજ્ઞાન :** જ્યાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય ત્યાં આવે ત્યારે જ હોય, બીજે જાય ત્યારે સાથે ન આવે તે અનનુગામી. અહીં ક્ષેત્રપ્રત્યયી ક્ષયોપશમ છે. આ અવધિજ્ઞાન શૃંખલાથી બંધાયેલા દીપક સમાન છે.

**(૩)વર્ધમાન અવધિજ્ઞાન :** વધુને વધુ બળતણ નાંખવાથી અગ્નિ વધે તમે આત્માના અધ્યવસાય વધુને વધુ શુદ્ધ થતાં સમયે સમયે અવધિજ્ઞાન વધે. ઉત્પન્ન થાય ત્યારે અંગુલના અસંખ્યાતમાં ભાગ ક્ષેત્રને જાણે... વધતાં વધતાં અલોકમાં લોક જેટલા અસંખ્ય ખંડુક દેખે. સમયે સમયે વધે તે વર્ધમાન.

**(૪) હિયમાન અવધિજ્ઞાન :** ઉત્પન્ન થાય ત્યારે શુભ પરિણામના કારણે ઘણું હોય પછી પડતાં પરિણામે સમયે સમયે ઘટતું જાય તે હિયમાન.

**(૫) પ્રતિપાતી અવધિજ્ઞાન :** સંખ્યાતા-અસંખ્યાતા યોજન, ઉત્કૃષ્ટથી સંપૂર્ણ લોકને દેખીને પણ પડે. આવેલું અવધિજ્ઞાન જાય તે પ્રતિપાતી અવધિજ્ઞાન.

**(૬) અપ્રતિપાતી અવધિજ્ઞાન :** સંપૂર્ણ લોકને દેખે... અલોકનો એક પ્રદેશ દેખે અને આવેલું અવધિજ્ઞાન જાય નહીં તે અપ્રતિપાતી અવધિજ્ઞાન.

ધીરે ધીરે ઘટતું જાય તે હિયમાન... એક સાથે ચાલ્યું જાય તે પ્રતિપાતી જાણવું.

વિભંગજ્ઞાન મિથ્યાત્વીને હોય તેથી તે મલીન છે. ભાવથી અવળું સવળું જાણે દેખે પરંતુ તે અવધિજ્ઞાનનો જ પ્રકાર છે.

## મનઃપર્યવજ્ઞાન

અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવના મનના ભાવોને જાણે તે **મનઃપર્યવજ્ઞાન** કહેવાય છે.

મનઃપર્યવજ્ઞાનના બે ભેદ છે-

(૧) ઋજુમતિ (૨) વિપુલમતિ.

**ઋજુમતિ :** સામાન્યપણે મનના અધ્યવસાયને જાણે તે **ઋજુમતિ મનઃ પર્યવજ્ઞાન** કહેવાય છે. દા. ત. આ બેને ઘડો ચિંતવ્યો છે.

**વિપુલમતિ :** વિશેષપણે મનના અધ્યવસાયને જાણે તે **વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન** કહેવાય. દા. ત. આ બેને લાલ, માટીનો અમદાવાદિ ઘડો ચિંતવ્યો છે.

## કેવળજ્ઞાન

લોકાલોકમાં રહેલા સર્વ પદાર્થો જે જ્ઞાનથી જણાય તે કેવળજ્ઞાન કહેવાય.

કેવળજ્ઞાન એક જ પ્રકારે છે.

કેવળજ્ઞાનને શાસ્ત્રમાં શુદ્ધ, સકલ, અસાધારણ, અનંત, નિર્વ્યાઘાત અને એક પણ કહેવામાં આવ્યું છે.

(૧) **केवलं शुद्धम् तदावरणापगमात् ।** કર્મના આવરણો સર્વથા દૂર થઇ ગયા છે. એટલે **શુદ્ધ.**

(૨) **सकलं वा केवलम्, तत्प्रथमतयैव निःशेष तदावरणविगमतः संपूर्णोत्पत्ते ।** ઉત્પન્ન થતાં જ સઘળું જાણે એટલે **સકલ.**

(૩) **असाधारणं वा केवलम्, अनन्यसदृशत्वात् ।** એના સમાન બીજું કોઇ જ્ઞાન નથી. એટલે **અસાધારણ.**

(૪) **अनन्तं वा केवलम्, ज्ञेया ऽ नन्ततत्वाद् अनन्तकालावस्थायित्वा द्वा ।** અનંત વસ્તુ જણાવે છે અને અનંતકાળ રહેનાર છે. એટલે **અનંત**

(૫) **निर्व्याघातं वा केवलम्, लोकेऽलोके वा प्रसत्तौ व्याघाताभावात् ।** વ્યાઘાત વિનાનું એટલે આંતરા વિનાનું છે એટલે **નિર્વ્યાઘાત.**

(૬) **तथा, केवलम् – एकम्, मत्यादि चतुष्करहितत्वात् ।** મતિ વગેરે ચાર જ્ઞાન રહિત છે એટલે એક. કેવળજ્ઞાન ક્ષાયિક ભાવનું છે. મતિ વગેરે ચાર જ્ઞાન ક્ષાયોપશમિક ભાવના છે. તેથી કેવળજ્ઞાનીને ચાર જ્ઞાન ન હોય. એકજ કેવળજ્ઞાન હોય છે.

**एसिं जं आवरणं पडुव्व चक्खुस्स तं तया ऽऽ वरणं ।**
**दंसण – चउ पण–निद्दा वित्ति समं दंसणा ऽऽ वरणं ।।९ ।।**

**ગાથાર્થ :-** ચક્ષુના પાટાની જેમ એ જ્ઞાનોનું જે આચ્છાદન તે તે આવરણ કર્મ છે.

ચાર દર્શન અને પાંચ નિદ્રા છે. દર્શનાવરણીય કર્મ પ્રતિહારી જેવું જ્ઞાનાવરણીય કર્મ આંખે બાંધેલા પાટા જેવું છે.

મતિજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે મતિજ્ઞાનાવરણીય કર્મ.
શ્રુતજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ.
અવધિજ્ઞાનને ઢાંકે તેઅથવા આવરણ કરે તે અવધિજ્ઞાનાવરણીય કર્મ.
મનઃપર્યવજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ.
કેવલજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે કેવલજ્ઞાનાવરણીય કર્મ.

# વિરતિ પાટિકા

# મૃષાવાદ વિરમણ વ્રત

ઉચ્ચ ગતિ તરફ પ્રયાણ કરવું છે...

પરમ પદની પ્રાપ્તિ કરવી છે...

તો હે સાધક ! જેમ સમ્યગ્ દર્શન ને પામવું અને નિર્મળ કરવું આવશ્કય છે... હિંસા ને છોડી અહિંસાથી જીવનને શણગારવું જરૂરી છે... તેમજ સાધનાના માર્ગે ગતિ કરવા આપણા વચનને સત્યથી શૃંગારીત કરવું અનિવાર્ય છે.

રાજા હરીષચંદ્ર આજે પણ જીવે છે એમના સત્ય વચનના કારણે. શ્રાવકને પણ પાંચ અણુવ્રતો અંતર્ગત બીજા અણુવ્રતમાં અસત્યનો ત્યાગ કરી સત્યનો સ્વીકાર કરવાની ભલામણ કરવામાં આવી છે.

**असत्यमप्रत्यमूल कारणं, कुवासनासद्मसमृद्धि वारणम् ।**
**विपत्तिदानं परवञ्चनोर्जितं, कृता ऽ पराधं कृतिभिर्विवर्जितम् ।।**

અવિશ્વાસનું મૂલ કારણ... ખરાબ વાસનાઓનું નિવાસસ્થાન.. સમૃદ્ધિઓને નિવારવામાં અર્ગલા સમાન... વિપત્તિઓના મૂલ હેતુ... અન્ય જનોને છેતરવામાં અતિદક્ષ અને અપરાધોના ખજાનારૂપ એવું અસત્ય વચન જ્ઞાની પુરુષોએ સર્વથા ત્યાગ કરેલું છે.

તમે અસત્ય વચન બોલશો એકવાર કોઇ એને માનશે... બીજી ત્રીજીવાર માની લેશે પણ પછી તો એને ખાત્રી જ થઇ જવાની કે તમારું વચન વિશ્વાસ કરવા યોગ્ય નથી. તાત્કાલીક લાભ થઇ જશે. પરંતુ અંતે તો હે હાનિ પહોંચાડનારું જ છે. અસત્યમાંથી જ અનેક અયોગ્ય વાસના નિર્માણ થાય છે. સર્વ અયોગ્ય કાર્યો અસત્ય સાથે જ જોડાયેલા અને બંધાયેલા છે. અસત્યનો આશ્રય લેવાથી કદાચ સામગ્રી કે સમૃદ્ધિની પ્રાપ્તિ થઇ પણ જાય તો એ ક્યારેય ટકતી નથી.સર્વ વિપત્તિઓ અસત્યમાંથી જ ઉત્પન્ન થાય છે. સત્ય સદા -સર્વદા અને સર્વત્ર નિર્ભય હોય છે. અસત્ય સદા-સર્વદા-સર્વત્ર ભયભીત છે.. અનેકોને છેતરવા દ્વારા માયા-કપટથી પોતાના આત્માને જ ઠગીને દુર્ગતિ તરફ લઇ જાય છે. જીવનમાં એકદા અસત્ય મજબૂત બની જાય એટલે ત્યાં બીજા સર્વ અપરાધો.. ગુનાઓ... દુષ્કૃત્યો આવીને અડ્ડો જમાવીને બેસી જાય છે.

હે જીવ ! આવા અસત્યના ભરોસે તું અનાદિ કાળથી તારી જીવન નૈયા દોડાવતો આવ્યો છે. આ અસત્યના કટુ પરિણામ પણ તેં અનેકવાર ભોગવ્યા છે. છતાં તારી આંખ ખુલી જ નથી. આવા દુર્ગતિના દૂત સમાન અસત્યને છોડવાનો તે ક્યારેય ગંભીર પ્રયાસ કર્યો નથી. જાગી જા ! શ્રાવક જીવનને યાદ કરી લે ! પરમાત્માએ પ્રરૂપેલા દેશવિરતિને પામવા અસત્યનો સાથ છોડી... સત્યના માર્ગે દોડી જા. તારું કલ્યાણ થઇ જશે.... આવો! ઉપાસક દશાંગમાં પ્રભુજીએ બતાવેલા અને ગણધરોએ સમજાવેલા આ વ્રતને -એના અતિચારોને અને અર્થને સમજવા પ્રયાસ કરીએ.

બીજું સ્થુલ મૃષાવાદ વિરમણ વ્રત તે જુઠું બોલવાથી વિરમવું તે મૃષાવાદ વિરમણવ્રત પાંચ પ્રકારે છે.

**(૧) કન્યાલીક :-** જે નિર્દોષ કન્યા હોય તેને સદોષ કહે અને સદોષ કન્યા હોય તેને નિર્દોષ કહે અને બીજા પણ દ્વિપદ વિષે જુઠું બોલવું એ સર્વ એમાં આવે છે.

**(૨) ગવાલીક :-** થોડું દુધ આપનારી ગાયને ઘણી દુજણી કહે અને ઘણી દૂધ આપનાર ગાયને ઓછી દુજણી કહે તેમ બીજા પણ ચતુષ્પદ વિષે જુઠું બોલવું એ સર્વ એમાં આવે છે.

**(૩) ભુમ્યાલિક :-** ભુમિ સંબંધિ જુઠ બોલવું પારકી ભુમિને આપણી કહેવી તથા દ્રવ્યાદિક સંબંધ જુઠું બોલવું.

**(૪) ન્યાસાપહાર (નાસાવહારે):-** અમાનત (થાપણ) સંબંધી જુઠ, પારકી વસ્તુ થાપણ રાખીને પછી તેનું અપહરવું કે મે તો થાપણ રાખી નથી.

**(૫) ખોટી સાક્ષી :-** દ્વેષથી અથવા લાંચ લઇને કુડી સાક્ષી ભરવી. જુઠો ઝગડો ઉભો કરવો, વિશ્વાસઘાત કરવો,

એ પાંચ મોટા જુઠ બોલવાના નિયમ તે સ્થુલથી નિયમ છે. એ પાંચ જુઠ પોતાના આત્માને કાજે તથા સગા સબંધિ, સજ્જનાદિકને માટે તથા ધર્મને માટે એટલા સ્થાનકે જુઠ બોલવાની જયણા રાખવી. બને ત્યાં સુધી શ્રાવકે જુઠ ન જ બોલવું. પણ નાછુટકે કાંઇ ઓછું વધુ બોલવું પડે તેની જયણા રાખે પણ અન્ય કોઇને પણ માટે પાંચ મોટા જુઠ બોલવાનો નિયમ કરેલો છે. પરન્તુ સૂક્ષ્મ જુઠ બોલવું પડે તેની જયણા છે. હાસ્યાદિક વાતવિનોદામાં અથવા કોઇ નિમત્તે કષાય આદિના કારણે આત્મા મૂઢ ચેતનામાં રહેતા કાંઇ આડું અવડું બોલાઇ જાય અથવા આજીવિકા નિમિત્તે પોતાના પરિણામની કચાસથી કોઇ દુષ્ટ મનુષ્ય દુઃખ દેતો હોય અને તેના દુઃખમાંથી છુટવા માટે તે સાપરાધીને શિક્ષા કરાવવા માટે ઓછું વધતું બોલવું પડે તેનો આગાર રાખે, પરન્તુ જે બોલવાથી દંડ ભરવો પડે તથા જીભ, કાન, નાક, હાથ આદિ છેદાય અથવા રાજદરબારમાં શિક્ષા થાય એવી ભાષા તો શ્રાવક નામ ધરાવીને ક્યારે પણ બોલે નહીં. એ

બીજા વ્રતમાં (૧) **સહસાત્કાર** વગર વિચાર્યે કોઇને આળ દેવું (૨) **રહસ્યાખ્યાન -** કોઇ એકાંતમાં ખાનગી વાત કરતા હોય તેમને તમે રાજ વિરુદ્ધ મંત્રણા કરો છો એમ કહેવું (૩) **સ્વદારા મંત્રભેદ -** સ્ત્રીએ કહેલી છાની વાત બીજાને કહેવી, (૪) **મૃષા ઉપદેશ -** ખોટો ઉપદેશ આપવો. (૫) **કુટલેખ -** ખોટા દસ્તાવેજ, લેખ નામા -ખત લખવા એ પાંચ અતિચાર દોષ બીજા વ્રતમાં લગાડવા નહીં.

બીજા અણુંવ્રતને અને એના અતિચારને જાણ્યા પછી આપણે આ વ્રતને સ્વીકારવા તૈયાર થઇએ. આ વ્રતને સ્વીકારવા આપણે આવી પ્રતિજ્ઞા લેવાની હોય છે- **"હું કન્યા સબંધી, પશુ સબંધી, જમીન સબંધી, અમાનત (થાપણ) સબંધી અને કોર્ટની સાક્ષીમાં ક્યારેય પણ ખોટું બોલીશ નહીં."**

આ વ્રતની વિશેષ શુદ્ધિ અને આત્માની નિર્મળતા માટે આપણને નીચેના નિયમો સહાયક બને છે-

(૧) હું દરરોજ એક /બે / ત્રણ કલાક મૌન વ્રત રાખીશ. (૨) હું કોઇને અપશબ્દ-ગાળો નહીં આપું. (૩) હું આવેશમાં આવી કોઇનું અપમાન કરીશ નહીં. (૪) હું કોઇની ગુપ્ત વાત જાહેર કરીશ નહીં. (૫) હું કોઇ ઉપર કલંક અથવા આળ ચઢાવીશ નહીં. (૬) હું ક્યારે કોઇનો વિશ્વાસઘાત કરીશ નહીં. (૭) હું કોઇને ખોટી સલાહ આપીશ નહીં. (૮) હું ખોટા દસ્તાવેજ લખીશ નહીં લખાવીશ નહી. (૯) હું ખોટા લેખ લખીશ નહીં- લખાવીશ નહીં. (૧૦) હું વ્યાપાર અને વ્યવહારમાં ખોટું બોલીશ નહી. (૧૧) હું સંસારીક લાભ માટે ખોટું બોલીશ નહીં. (૧૨) હું નોકર-ચાકર સબંધી ખોટું બોલીશ નહીં. (૧૩) હું બાળકોને સ્કૂલ-કોલેજમાં દાખલ કરવા ખોટું બોલીશ નહીં. (૧૪) હું રેલ્વે આદિની ટિકિટના પૈસા બચાવવા ખોટું બોલશ નહીં. (૧૫) હું વડિલોની મજાકમશ્કરી કરવા કે એપ્રિલ ફૂલ કરવા ખોટું બોલીશ નહીં.

## અદત્તાદાન વિરમણ વ્રત

અસત્યને જીવનમાંથી હાંકી કાઢીને આપણે કાંઇક હળવા થયા... કાંઇક નિર્મળ બન્યા. ના... આટલાથી સંતોષ માનવાનો નથી. આપણે તો આગળ ને આગળ જ વધવાનું છે. માનવનો ભવ આત્મશુદ્ધિ માટે જ મળેલો છે. બીજા મૃષાવાદ વિરમણ વ્રત પછી શ્રાવક માટે આવે છે 'સ્થુલ અદત્તાદાન વિરમણ વ્રત' જે મારું નથી... જે મારા અધિકારનું કે હક્કનું નથી એના ઉપર મારી સત્તા જમાવીશ તે અદત્તાદાન છે. જેને સામાન્ય ભાષામાં ચોરી કહેવામાં આવે છે. શાસ્ત્રો ચોરી માટે શું જણાવે છે ? જાણી લઇએ.

**यन्निर्वर्तितकिर्तिधर्मनिधानं, सर्वागमां साधनं, प्रोन्मीलद्बधबन्धनं विरचित, क्लिष्टाशयोद्बोधनम् ।**
**दौर्गत्यैकनिबंधनं कृतसुग-त्याश्लेषसंरोधनम्, प्रोत्सर्पतप्रधनं जिघृक्षति न त-द्धीमानसदत्तं धनम्।।**

જે ચોરીનું ધન પ્રસિદ્ધ એવી કીર્તિ અને સંપત્તિનો નાશ કરે છે. તેમજ સર્વ દુઃખોનું સાધન, વધ તથા

બંધનને પ્રગટ કરનાર, કિલષ્ટ આશયોને પ્રગટ કરનાર અને સંગ્રામાદિનો ભય ઉપજાવનાર છે, તેવા અદત્ત દ્રવ્યને ગ્રહણ કરવાની કયો બુદ્ધિમાન ઇચ્છા કરે ? અર્થાત્ કોઇએ ન કરવી જોઇએ.

ઘોરાતીઘોર નરકમાં લઇ જનારા સાત વ્યસનોમાં જેનો સમાવેશ થાય છે એવી ચોરી શું શ્રાવક કુલમાં જન્મેલા આપણા જીવનમાં હોઇ શકે... ? ના... ન જ હોવી જોઇએ... પરંતુ પ્રભુજીએ બતાવેલા અદત્તાદાન વિરમણવ્રતનો વિચાર કરીએ અને આપણા જીવન ઉપર એક નજર નાંખીએ તો ખ્યાલ આવે છે કે જાણતાં અજાણતાં સંપત્તિના મોહમાં સપડાયેલા આપણે ક્યારેક ન કરવા જેવું અકાર્ય કરી બેસીએ છીએ. ન કરવા જેવા પાપથી આપણા હાથ ખરડાઇ જાય છે.

અજ્ઞાન અવસ્થામાં થઇ ગયેલા પાપોની ક્ષમા માંગી શકાય, પરંતુ જાણી જોઇને જો આપણે પાપોની પરંપરાને આગળ ચલાવતા અને વધારતાં જ જઇએ. પ્રભુજીએ બતાવેલા માર્ગ ને પામીને આપણા અકાર્યો તરફ આંખમીચામણા કરતા જ રહિએ તો પરિણામ જે આવવું જોઇએ તે જ આવેશ. આ જીવન પણ આપણી ભવ ભ્રમણાને ઘટાડવાને બદલે વધારનારો જ સાબિત થશે.

ચેતન ! આવી સમજણ પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે. આવી સમજણ પામીને ચુકીશ નહિં. કોઇએ સાચું જ કહ્યું છે–

**અવસર બેર બેર નહિ આવે... જ્યું જાને ત્યું કરલે ભલાઈ,**
**જનમ જનમ સુખ પાવે... અવસર બેર....**

ત્રીજા સ્થુલ અદત્તાદાન વિરમણવ્રતને એના અતિચાર તથા અર્થ–વિસ્તારને સમજીને જીવનમાં અપનાવવા સજ્જ બની જા.

સંપૂર્ણપણે સાધુને દ્રવ્યભાવથી અદત્તનો ત્યાગ હોય અને શ્રાવક તો સચિત્ત અચિત્ત (સજીવ–અજીવ) એવી કોઇની રહી ગયેલી, પડેલી, ભૂલી ગયેલી વસ્તુ લે નહી તથા કોઇની નજર ચુકવીને લે નહીં. તેમજ રસ્તે જતાં કોઇને લૂંટે નહીં ઘર ફોડીને ચોરી કરે નહીં એવી રીતે રાજ–નિગ્રહ એટલે રાજના તરફથી દંડ થાય, જેલ થાય, ફાંસીની સજા થાય એવો પારકો ધન કે માલ ધણી ના આપ્યા વિના લેવો નહીં. એવી, રીતે નિયમ લે. અને સૂક્ષ્મ તૃણ તથા લાકડાં કાઠી પ્રમુખ જે માર્ગમાં પડેલા હોય તેની જયણા રાખે. વ્યવહાર નિયોગે એટલે વ્યાપાર પ્રમુખમાં જે કર (ટેકસ) લેવાનો નિયમ રાજા આદિએ રાખેલો હોય તેમાં પોતાની આજીવિકાને અર્થે કર આપવાની અથવા ઓછું કર આપવાથી દાણચોરી કરચોરી થાય તેની જયણા રાખે. ત્રીજા સ્થૂલ અદત્તદાન વિરમણવ્રતના પાંચ અતિચારને શુદ્ધ કરે. તેથી નિવૃત્ત થાય. એ પાંચ અતિચારોના નામ–સ્તેનાહૃત, તસ્કરપ્રયોગ, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, કુટતૂલા–કુટમાપા, તત્પ્રતિરુપક વ્યવહાર અતિચાર.

**પ્રથમ સ્તેનાહૃત અતિચાર :-** સ્તેન એટલે ચોર તેણે અન્ય દેશથી અથવા દેશાન્તર પ્રમુખથી અપહરણ કરીને આણેલી એવી કેસર પ્રમુખ બહુમુલ્યવસ્તુ જે ચોરેલી છે એવું જાણ્યા પછી પણ સસ્તા ભાવમાં મળે છે, જાણીને લોભને વશથી કાંઇ ધનાદિ આપીને તે વસ્તુ વેચાતી લીધી હોય તે પ્રથમ સ્તેનાહૃત નામા અતિચાર જાણવો.

**બીજો તસ્કર પ્રયોગ :-** ચોરને ચોરી કરવાની પ્રેરણા કરવી ચોરને સંબલ પ્રમુખ આપે, ચોરને ચોરી કરવાના ઠેકાણા બતાવે, ચોરી વગેરે કરવા માટે લોઢાના હથિયાર પ્રમુખ આપે અને પોતે આગળ થઇને ચોરની ચોરેલી વસ્તુ વેંચી વેચાવી આપે તે બીજો તસ્કર પ્રયોગ અતિચાર જાણવો.

**ત્રીજો વિરુદ્ધરજ્જાઈક્મ્મે :-** એટલે પોતાના રાજાથી વિરુદ્ધ જે રાજ્ય તેમાં અતિક્રમણ કરવું અર્થાત રાજાજ્ઞા હોય કે અમૂક રાજા મારો શત્રુ છે તેમના દેશમાં જઇ કોઇએ વ્યાપાર અર્થે કોઇ ચીજ લેવી નહીં અને કોઇ ચીજ વેચવી નહીં. તેમ છતાં તે રાજાજ્ઞાનો ભંગ કરી તે કામ કરવું તે ત્રીજો વિરુદ્ધરાજ્યાતિક્રમ નામે અતિચાર જાણવો.

**ચોથો કુડતુલ કુડમાણે :-** એટલે કુડાં તોલા કુડા માપા (ખોટા તોલમાપ) કરવા. તથા કરી રાખવા. એટલે તોલવાના બાટ (કિલો વગેરે) તથા અનાજ વગેરે માપવાની પાયલી વગેરે વસ્ત્ર માપવાના ગજ, મીટર વગેરે ખોટા રાખવા. અન્યની પાસેથી માલ લેતી વખતે અધિક તોલ માપથી લેવા અને બીજાને માલ દેતી વખતે આડુ-અવળુ તોલીને આપવો જેમ લેતી વખતે પાયલી માથા સુધી ભરીને લઇએ અને દેતી વખતે માથા સુધી ભરી ડગાવી ને દે. કુડાં કાટલા કરે એટલે જુઠુ બોલને કાપ-કુપ દગાબાજી કરી કાંટા તોલાના ત્રાજવા તે ખોટા કરી રાખ્યા હોય. તથા તેમાં ઉપસી આપે એટલે કાંટા અને ત્રાજવાની કાંડીમાં અંતરકોણ રાખે તથા ઉંચી નીચી પગથી દબાવી મુકે જેથી તોલ કરવામાં પોતાને ફાયદો થતો હોય એવી રીતે કરે તે કુડતુલ કુડમાણે અતિચાર જાણવો.

**પાંચમો તત્પ્રતિરુપક વ્યવહાર અતિચાર :–** બહુમૂલ્ય ચીજ હોય તેના જેવી જ બીજી હલકી ચીજ બનાવી બહુમુલ્યે કરી વેચવાનો વ્યાપાર કરવો. સારી વસ્તુ તેમાં તેની સદ્રશ્ય બીજી ખરાબ યા હલકી વસ્તુ ભળવી તે સારી વસ્તુના મુલ્યાનુસાર વેચવી, ઘી, તેલ,વગેરેમાં ભેળસેળ કીધી હોય, કોઇને નવી વસ્તુ દેખાડી તેનો ભાવ કરી પછી જુની વસ્તુ તોલીને આપી હોય, તથા કૂડો કરહો એટલે ખેતરમાં વાવણી કરવા માટે કોઇ પાસેથી ધાન્ય લઇને તેની સાથે ઠરાવ કરે છે કે ધાન્ય પાક્યા પછી દોઢું યા બમણું આપીશ. પછી જ્યારે ધાન્ય પાકે ત્યારે કહે કે મેં તો સવાયો આપવાનો ઠરાવ કર્યો હતો ઇત્યાદિ કુડો કરહો કાઢ્યો હોય. તથા કોઇને ઠગી લેવો દ્રોહ કરવો તથા કોઇને સાથે વિશ્વાસઘાત કર્યો હોય. નામા-લેખામાં કોઇને ભૂલાવ્યો હોય. ખોટી મુદ્રા (મહોર-છાપ) કીધી હોય. કોઇના ખેતરમાંથી ફાલી જુવાર

ફલ્યા ચણા ઉપાડી લીધા હોય, કોઇની સાથે વ્યાપાર કરતાં તેનું દ્રવ્ય (ધન) આપણી પાસે ભૂલમાં રહ્યું હોય તે પાછું તેને દીધું  ન હોય તથા નાણા (રૂપિયા) ની ઉલટ પાલટ કરી હોય એટલે  ખરાં નાણાને પલટાવી ખોટાં ચલાવ્યા હોય.

ત્રીજા અદત્તાદાન વિરમણવ્રતનો સ્વીકાર  કરવા આપણે આવી પ્રતિજ્ઞા કરવાની હોય છે-

**''હું પૈસા, દાગીનાની, ખીસા કાપીને, તિજોરી તોડીને, ઘર ફોડીને ચોરી કરીશ નહીં.''**

લીધેલા પચ્ચક્ખાણના સુંદર પાલન માટે નીચેના નિયમો આપણને સહાયતા કરે છે-

(૧) હું પૈસા, દાગીના અનાજ, પુષ્પ આદિની ચોરી કરીશ નહીં.

(૨) હું માલમાં ભેળસેળ કરીશ નહીં.

(૩) હું ખોટા તોલ-માપા રાખીશ નહીં.

(૪) હું ચોરીનો માલ લઇશ નહીં.

(૫) હું ચોરીનો માલ વેંચીશ નહીં.

(૬) હું લાંચ આપીશ નહીં.

(૭) હું લાંચ લઇશ નહીં.

(૮) હું રસ્તામાં પડેલી વસ્તુ ઉપાડીશ નહીં.

(૯) હું વગર ટિકિટે મુસાફરી કરીશ નહીં.

(૧૦) હું સિક્કો ન લાગેલી ટપાલ ટિકિટ બીજીવાર વાપરીશ નહીં.

(૧૧) હું કરચોરી કરીશ નહીં.

(૧૨)હું વિજળીની ચોરી કરીશ નહીં.

(૧૩) હું નાની-મોટી કોઇની વસ્તુ ચોરીને લઇશ નહીં- બદલાવીશ નહીં.